# બાયડના પ્રસિદ્ધ ઝાંઝરીના ધોધ સ્થળે પ્રવેશવા ઉપર પ્રતિબંધ

## પ્રવાસીઓને ડૂબતાં બચાવવા જાહેરનામાથી સંતોષ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩
બાયડ તાલુકાના પ્રસિદ્ધ ઝાંઝરીના ધરામાં સહેલાણીઓના ડૂબવાની એક પછી એક ઘટનાઓ પૂરબહારમાં ખીલી ઉઠતું હોવાથી દૂર દૂરથી સહેલાણીઓ ધોધ જોવા માટે આવતા હોય છે. ડૂબવાના બનાવના કારણે ઝાંઝરી વિસ્તાર



સામે આવી રહી છે. ગત રવિવારે ઝાંઝરીના ધરામાં અમદાવાદના યુવાનનું ડૂબી જવાથી મોત નિપજ્યા પછી જિલ્લા કલેક્ટર દ્વારા ઝાંઝરી ધોધ વિસ્તારમાં પ્રવાસીઓના પ્રવેશવા ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. પ્રવાસીઓને ડૂબતા બચાવવા માટેના અન્ય સુરક્ષાના આયોજનો ગોઠવવાને બદલે તંત્રએ માત્ર જાહેરનામાથી સંતોષ માની લેતાં આશ્ચર્ય ઉભું થયું છે. ચોમાસાની સીઝનમાં ઝાંઝરીનું સૌંદર્ય ભોગીયા ધરા તરીકે વગોવાઈ ચૂક્યો છે ત્યારે તંત્રએ પ્રવાસીઓને ડૂબતા બચાવવા માટે ઠોસ કાર્યવાહી કરવાને બદલે પ્રતિબંધ મૂકી હાલ પૂરતું જોખમ ટાળ્યું છે.

દર વર્ષે ચોમાસાની સીઝનમાં બાયડના ઝાંઝરીના ભોગીયા ધરામાં પ્રવાસીઓના ડૂબવાની દુર્ઘટનાઓ બને છે. પર્યટક સ્થળને પ્રવાસીઓ માટે સુરક્ષિત બનાવવાના પ્રયત્નોમાં વર્ષોથી વહીવટી તંત્ર ઉણું ઉતર્યું છે. કોઈ દુર્ઘટના સર્જાય એટલે મોટા ઉપાડે આ વિસ્તારને પ્રતિબંધિત જાહેર કરી સંતોષ માનવામાં આવે છે. તાજેતરમાં અમદાવાદના યુવાનનું ભોગીયા ધરામાં ડૂબવાથી મોત નિપજતાં ફરી એક વખત તંત્રની લાપરવાહી સામે સવાલ ઉભા થયા હતા જેથી અરવલ્લી જિલ્લા કલેક્ટર ડૉ.નરેન્દ્રકુમાર મીણા દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી ઝાંઝરીના ધોધ વિસ્તારમાં પ્રવેશવા ઉપર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે જેમાં જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદોસરનો ગુનો દાખલ કરવાની ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે તંત્રએ પ્રવાસીઓની સુરક્ષા બાબતે ધોધ સ્થળે જરૂરી સુવિધાઓ સાથે કાયમી પોલીસ પોઈન્ટ, તરવૈયા સહિતની વ્યવસ્થા ગોઠવવી જોઈતી હતી પરંતુ માત્ર જાહેરનામાનું બોર્ડ ગોઠવી દઈ સંતોષ વ્યક્ત કરતાં પ્રવાસીઓમાં નારાજગી જોવા મળી રહી છે.

**વાહ રે તંત્ર : પ્રતિબંધનું બેનર લગાવી સંતોષ માન્યો**

બાયડ : બાયડ તાલુકાના ઝાંઝરીના ધરામાં પ્રવાસીઓના ડૂબવાની દુર્ઘટનાઓથી તંત્ર વર્ષોથી મગરનાં આંસુ સારી રહ્યું છે. તાજેતરમાં




અમદાવાદના સહેલાણીનું ઝાંઝરીના ધરામાં ડૂબી જવાથી મોત નિપજવાના બનાવથી તંત્રએ પ્રતિબંધનું બેનર લગાવી સંતોષ વ્યક્ત કર્યો છે. ચોમાસામાં દૂર દૂરથી સહેલાણીઓ ઝાંઝરીના સૌંદર્યને માણવા માટે આવતા હોય છે ત્યારે તંત્રએ પ્રતિબંધ મૂકવાને બદલે પ્રવાસીઓને ડૂબતા બચાવવા માટે કાયમી ખાસ આયોજન ગોઠવવું જોઈએ તેના બદલે પ્રવેશ ઉપર પાબંધી લગાવી છે.

# ગાંઠીયોલના ફોજી જવાનનું પશ્ચિમ બંગાળમાં મોત

## સૈનિક સન્માન સાથે મૃતદેહ વતનમાં લવાયો, ગામમાં શોકનો માહોલ



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩
ઈડર તાલુકાના ગાંઠીયોલના ફોજી જવાન જયદીપસિંહ જેતાવતનું ફરજ દરમ્યાન પશ્ચિમ બંગાળમાં કુદરતી મોત થતાં પૂરા સૈનિક સન્માન સાથે મૃતક જવાનના દેહને વતનમાં લાવવામાં આવ્યો હતો જ્યાં પૂરા સૈનિક સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. મા ભોમની રક્ષામાં તૈનાત જવાનના નિધનથી સમગ્ર ગામમાં શોકનો માહોલ છવાયો છે.

જિલ્લામાં મા ભોમની રક્ષા કરવા માટે અસંખ્ય નવલોહીયા યુવાનો સરહદે મુશ્કેલ પરિસ્થિતિમાં ફરજ બજાવી જિલ્લાને ગૌરવ અપાવી રહ્યા છે. વિષમ હવામાન તેમજ જમ્મુ કાશ્મીર સહિતની સંવેદનશીલ સરહદો ઉપર ક્યારે શું થાય તેનું કશું જ નક્કી ન હોવા છતાં વતન પ્રેમના જુસ્સા સાથે ફોજી જવાનો ફરજ પર તૈનાત છે. ઈડર તાલુકાના ગાંઠીયોલ ગામના જેતાવત પરિવારના જયદીપસિંહને ફોજમાં જવાનો પહેલેથી જ શોખ હોવાથી ભારતીય સેનામાં તેઓ દરેક પરીક્ષાઓ પાસ કરીને ફોજમાં જોડાયા હતા. દેશના અલગ અલગ દુર્ગમ સ્થળોએ ફરજ બજાવી જયદીપસિંહ જેતાવત છેલ્લા કેટલાક સમયથી પશ્ચિમ બંગાળમાં ફરજ ઉપર મૂકવામાં આવ્યા હતા જ્યાં ગત રોજ તેમનું આકસ્મિક કુદરતી મોત થતાં જેતાવત પરિવાર ઉપર આભ ફાટ્યું હોય તેવી સ્થિતિ નિર્માણ પામી છે. ફરજ દરમ્યાન ગામના નવલોહીયા જવાનનું આકસ્મિક નિધન થતાં પરિવારજનો સાથે સમગ્ર પંથકમાં ઘેરો શોક ફરી વળ્યો છે. મૃતક જવાનના મૃતદેહને પુરા સૈનિક સન્માન સાથે ગામમાં લાવવામાં આવ્યો ત્યારે દેશ પ્રત્યેની તેમની નિષ્ઠાને લીધે અસંખ્ય લોકોની આંખોમાં આંસુ આવી ગયા હતા.

# સેવા સદનમાં સર્પદોષ..?? અરવલ્લીની બાળ સુરક્ષા કચેરીમાં સાપ દેખાયો, કર્મચારીઓમાં ફફડાટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩
અરવલ્લી જિલ્લા સેવા સદનની બાળ સુરક્ષા કચેરીમાં ગત રોજ સાપ દેખાયો હતો. કર્મચારીઓ કચેરીમાં પ્રવેશ્યા તે સમયે સાપ ટહેલતો જોવા મળતાં ફફડાટ વ્યાપી ગયો હતો. બાળ સુરક્ષા કચેરીમાં સાપ જાણે કે સુરક્ષા શોધતો હોય તે રીતે ટહેલતો જોવા મળતાં તાત્કાલિક વાઈલ્ડ લાઈફ ટીમને જાણ કરવામાં આવી હતી પરંતુ કલાકોની ખાંખાખોડી પછી પણ સાપ મળી આવ્યો ન હતો. જેટલી ઝડપે સાપ નજરે પડ્યો એટલી ઝડપે ક્યાંક અદ્રશ્ય થઈ જતાં સાપને નજરે જોનારા કર્મચારીઓ હજુય ભયના ઓથાર હેઠળ રહ્યા છે.

અરવલ્લી જિલ્લાની નવનિર્મિત કચેરીઓમાં સાપનું વારંવાર દેખાવવું આશ્ચર્યજનક બન્યું છે. જિલ્લા સેવા સદન જ્યાં તૈયાર થયું છે ત્યાં નજીકમાં ખુલ્લું અને જંગલ વિસ્તાર હોવાના કારણે મરજી થાય ત્યારે સરીસૃપો કચેરીની મુલાકાતે આવી જતા હોય છે. અગાઉ જિલ્લા પોલીસ વડાની

**વાઈલ્ડ લાઈફ ટીમ દોડી આવી પણ સાપ અદ્રશ્ય**

કચેરીમાં સાપ ડોકાયા પછી હવે જિલ્લા બાળ સુરક્ષાની કચેરીમાં સાપે દેખાડો દેતાં કર્મચારી વર્તુળમાં અવાર નવાર સાપનું દેખાવવું ચર્ચાનો વિષય બન્યો છે. બાળ સુરક્ષા કચેરીમાં સાપ જોવા મળતાંની સાથે અન્ય કર્મચારીઓ એકત્ર થઈ ગયા હતા અને ખુરશી-ટેબલ નીચે સાપ કાયમને માટે કુંડળી વાળીને બેસી જાય તે પૂર્વે વાઈલ્ડ લાઈફને સાપ દેખાયાની જાણ કરવામાં આવી હતી જેમાં ટીમના સભ્યો તાત્કાલિક બાળ સુરક્ષા કચેરીમાં પહોંચ્યા હતા અને સાપની શોધખોળ કરી હોવા છતાં હાથ લાગ્યો ન હોવાથી વિદાય લઈ લીધી હતી. જો કે સાપનું જોવા મળવું અને ત્યારબાદ અચાનક અદ્રશ્ય થઈ જવું તે બાબત કચેરીના કર્મચારીઓમાં ચર્ચાનો વિષય બની ગયો છે. નવનિર્મિત જિલ્લા સેવા સદનમાં સરકારી કચેરીઓમાં સાપની અવાર નવારની મુલાકાતોના કારણે સર્પદોષ તો નથી ને..?? તેવા સવાલો ટીખળપૂર્વક શરૂ થયા છે.

# બાયડના ગ્રામ્ય વિસ્તારની યુવતીની છેડતી, યુવતીને બદનામ કરવા મંગેતરને ખોટા મેસેજ મોકલ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩
બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારની યુવતીની જૂનીવાસણી ગામના પર્મિષ્ઠ ધર્મેશભાઈ પટેલે છેલ્લા એક વર્ષથી યુવતી સાથે શારીરિક અડપલાં કર્યા પછી આ હકીકત કોઈને કહીશ તો તારા ભાઈને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી યુવતીના મંગેતરને મોબાઈલ તેમજ ઈન્સ્ટાગ્રામ ઉપર ખોટા મેસેજ મોકલતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે આંબલિયારા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.


**જૂનીવાસણીના યુવક સામે ગુનો નોંધાયો**

પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ તાલુકાના જૂનીવાસણી ગામના પર્મિષ્ઠ પટેલે એક યુવતી સાથે વાતચીતના સબંધો કેળવ્યા પછી તેની સાથે શારીરિક અડપલાં કર્યા હતાં જેમાં ૧ વર્ષ દરમ્યાન સતામણી કરી હતી અને યુવતીના ભાઈને મારી નાખવાની ગર્ભિત ધમકી આપવામાં આવતાં યુવતી સમસમી ઉઠી હતી. યુવકે હદ વટાવી હોય તેમ છેડતી કરવાની સાથે બદનામ કરવાના ઈરાદાઓ સાથે યુવતીના મંગેતરને સોશ્યલ મીડીયાના માધ્યમથી ખોટા મેસેજ મોકલ્યા હતા. છેડતીનો ભોગ બનેલ યુવતીને આ અંગેની જાણ થતાં આંબલિયારા પોલીસ સ્ટેશને ફરિયાદ આપવામાં આવી છે. છેડતી તેમજ સોશ્યલ મીડીયામાં બદનામી કરતા મેસેજ મોકલવા અંગે પોલીસે યુવક સામે ગુનો નોંધ્યો છે.

# પ્રાંતિજ નગરપાલિકા સંચાલિત ટાઉન હોલનુ કામ ક્યારે પૂર્ણ થશે?

**છેલ્લા દશ વર્ષ થી કરોડો રૂપિયા ખર્ચે અર્ધ તૈયાર થયેલ ટાઉન હોલ ધુળ ખાય છે : ખરેખર નગરજનોને હોલની જરૂરિયાત હોવા છતાંય પાલિકાની લાપરવાહીને લઈ ને ધૂળ ખાય છે : હોલ તૈયાર હોત તો કોરોના કાળમા નાના-મોટા પ્રસંગો કાર્યક્રમો થઈ શકોત : ૨૦૧૨ થી ત્યાર થતો હોલ આજદિન સુધી દશ વર્ષ થયા પણ પૂર્ણ ના થયો**







પ્રાંતિજ તા.૩
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકા દ્વારા કરોડો રૂપિયા નો ખર્ચે તૈયાર કરવામા આવેલ ટાઉન હોલ અર્ધ તૈયાર થઈ ને ધુળ ખાતો જોવા મળી રહ્યો છે.

પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન વિસ્તારમા અમીનપુર રોડ ભાંખરીયા તળાવ પાસે પ્રાંતિજ નગર પાલિકા દ્વારા ૨૦૧૨ થી કરોડો રૂપિયામા તૈયાર થતો હોલ નગરપાલિકા ની બેદરકારી ને લઈ ને હાલતો અર્ધ તૈયાર થયેલ હોલ અધ્ધ વચ્ચે ધુળ ખાતો પડી રહ્યો છે તો હાલતો હોલમા ના ખેલ અમુક વસ્તુઓની વોરટી પણ પુણ થઈ ગયેલ છે ત્યારે હોલ તૈયાર થઈ ગયો હોતતો આ કોરોના કાળ મા નાના-મોટા પ્રસંગો સહિત ના કાર્યકમો અહી થયા હોત અને પ્રાંતિજના નગરજનોને આમતેમ ભટકવાનો વારો ના આવ્યો હોત ત્યારે કરોડો રૂપિયા ના ખર્ચ બાદ પણ અર્ધ તૈયાર થયેલ હોલ નુ કામ મનથર ગતીએ ચાલતા પૂર્ણ ના થતા નગરજનો મા રોષ જોવા મળી રહ્યો છે અને પ્રાંતિજ પાલિકા દ્વારા બાકી રહેલ કામ ઝડપી પૂર્ણ કરવામા આવે તેવી નગરજનો ની માંગ પણ ઉઠવા પામી છે ત્યારે હવે જોવુ એ રહ્યુ કે પ્રાંતિજ પાલિકા હવે બાકી રહેલ કામ પૂર્ણ કરશે કે પછી હજુ નગરજનોને રાહ જોવી પડશે અને હજુ વધુ સમય અર્ધ તૈયાર થયેલ ટાઉન હોલ ધુળ ખાસે તે તો હવે આવનાર દિવસોમાં જ ખબર પડશે તૈયાર હાલતો કરોડો રૂપિયા ના ખર્ચે તૈયાર થયેલ હોલ ધુળ ખાય છે તેમ કહીએ તો નવાઈ નહી.

# સાબરકાંઠાના રૂપાલકંપા ગામે ગુજરાતમાં સૌપ્રથમ હળદરની કોન્ટ્રેક્ટ ફાર્મિંગ ખેતી પ્રોજેક્ટ

## ખેતીક્ષેત્રે અદ્યતન ટેકનોલોજી ખેડૂતો માટે આશીર્વાદરૂપ...

ગાંભોઈ, તા.૦૩
રાજ્યમાં બાગાયતી ખેતીના વાવેતરનું પ્રમાણ



ધીમે ધીમે વધી રહ્યું છે ત્યારે ખેડૂતો અન્ય ચાલુ ખેતી પાકોમાં પરિવર્તન લાવી વધુ આવક અને ઊપજ આપતા બાગાયતી પાકો તરફ વળ્યા છે. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રૂપાલકંપા ગામે યુવા પ્રગતિશીલ ખેડૂત ચંદ્રકાંતભાઈ પ્રેમજીભાઈ પટેલે ઈઝરાયેલ ટેકનોલોજી મુજબ ખેતી કરવા પ્રથમ એ.એસ.એગ્રી. એન્ડ એક્વા એલ.એલ.પી.ની મુંબઈ સ્થિત કંપનીના સી.એમ.ડી. ડૉ. પ્રશાંત ઝડેનો સંપર્ક કરી હળદર ખેતીપાકનું માર્ગદર્શન લઈ પોતાના ચાર એકરના ખેતરમાં આયુર્વેદિક ઔષધમાં સ્વાસ્થ્ય વર્ધક માનવદવા અને સૌંદર્ય પ્રસાધનોની બનાવટના ઉપયોગમાં લેવાતી મસાલા પાક વર્ગની હળદર કંદમૂળની ખેતીને ઈઝરાયેલ ટેકનોલોજી મુજબ કોન્ટ્રેક્ટ ફાર્મિંગ ખેતી હેઠળ પોતાની ખેત જમીનમાં ગ્રીનહાઉસ ઊભું કરી જમીનથી ઉપર સ્ટીલના સ્ટ્રક્ચર બનાવી ગેલ્વેનાઈઝ લાંબી ટ્રે સિસ્ટમમાં ફળદ્રુપ માટી નાખી હળદર પાકનું વાવેતર કરેલ છે. તાજેતરમાં સાબરકાંઠાના પ્રભારી અને રાજ્યકક્ષાના સહકારી મંત્રી ઈશ્વરસિંહ પટેલ અને સાબરકાંઠા જિલ્લાના ભાજપા મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવર તેમજ ખેડૂત અગ્રણી ધનરાજસિંહ રહેવર વગેરે રૂપાલકંપા ગામે હળદર કોન્ટ્રેક્ટ ફાર્મની મુલાકાત લઈ ખેડૂત દ્વારા હળદર ખેતી પાકમાં અપનાવેલ અધ્યતન ટેકનોલોજી નિહાળી પ્રભાવિત થયા હતા અને ખેડૂતોને ખેતીક્ષેત્રે આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે પ્રગતિશીલ ખેડૂત ચંદ્રકાંતભાઈ પટેલ, પ્રેમજીભાઈ પટેલ,પ્રહલાદભાઈ પટેલ, નરેન્દ્રભાઈ પટેલ તથા રાજેશભાઈ પટેલે તેમણે અપનાવેલા આ અદ્યતન ખેતી ટેકનોલોજી અંગે માહિતી આપતા જણાવેલ કે ગુજરાતમાં ખેતીક્ષેત્રે કોન્ટ્રેકટ ફાર્મિંગ ખેતીનો આ પ્રથમ પ્રોજેક્ટ છે. આ હળદર ખેતીપાકની આધુનિક ઢબે ખેતી કરવામાં આવે તો એક એકર જમીનમાં ૫૦૦થી ૮૦૦ ટન થી વધુ ઉત્પાદન ખેડૂત મેળવી શકે છે. ખેડૂતને એક એકરે રૂપિયા ત્રણથી સાડા ત્રણ કરોડની આવક મળી રહેતી હોય છે. આ હળદર ખેતી પાકનું વાવેતર મેં-જુલાઈ માસ દરમિયાન કરવામાં આવે



છે. નવ માસની આ ખેતીમાં પિયત પાણીની સૌથી વધુ બચત થાય છે. દવા અને ખાતરના નહીવત ખર્ચ સાથે ઉત્પાદન આપતી આ હળદર પાકની ખેતીમાં ઓછી ખેત જમીનમાં વધુ ઉત્પાદન અને આવક લઈ શકાય છે. ખેતરમાં એકવાર તૈયાર કરેલ ગ્રીનહાઉસના હેઠળ સળંગ ૨૪ વર્ષ સુધી પાકનું ઉત્પાદન લઈ શકાય છે. ગુજરાતમાં આ કંદમુળની ગણાતી ખેતી માટે હવામાન અનુકુળ હોઈ ખેડૂતવર્ગ માટે આ આધુનિક ટેકનોલોજી દ્વારા થતી ખેતી ફાયદાકારક બની રહેશે. નવી ટેકનોલોજી હેઠળ ખેતી કરતા ખેડૂતોને સરકારે સબસીડીનો લાભ આપી પ્રોત્સાહિત કરવા જોઈએ.

# પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર છાશવારે વિજ પ્રવાહ બંધ કરવામા આવે છે


પ્રાંતિજ તા.૩
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચરોડ વિસ્તાર માં છેલ્લા કેટલાય સમય થી વિજ કંપની દ્વારા મેન્ટેનન્સ ને લઈ ને છાશવારે વિજ પ્રવાહ બંધ કરવામા આવેછે અને વિજ પ્રવાહ બંધ થતા સોસાયટીઓ, હોસ્પિટલો , બેંક, સર્વિસ સ્ટેશનોમા વિજ પ્રવાહ બંધ થતા આ વિસ્તારના લોકો અસહ્ય ગરમીને લઈને ત્રાહિમામ પોકારી ઉઠયા છે. પ્રાંતિજના હાર્ટ સમાન એપ્રોચરોડ ઉપર પ્રાંતિજ વિજકંપની દ્વારા છાશવારે મેન્ટેનન્સ ને લઈ ને વીજપુરવઠો બંધ કરવામા આવે છે તો આ વિસ્તાર મા મોટા ભાગે હોસ્પિટલો અને બેંકો સોસાયટીઓ અને શોરૂમ અને સર્વિસ સ્ટેશન નો આવેલ છે અને પ્રાંતિજ વિજકંપની દ્વારા મેન્ટેનન્સ ને લઈ ને ઓતરા દિવસે વિજ પ્રવાહ બંધ કરવામા આવતા આ વિસ્તાર ના રહીશો સહિત હોસ્પિટલો મા સારવાર લઈ રહેલ દર્દીઓ પણ હેરાન પરેશાન થઈ જાય છે તો શો રૂમ અને સર્વિસ સ્ટેશન આવેલા છે અને અવરનવર વિજ પ્રવાહ બંધ કરતા લોકો ને ધંધાઓ ઉપર પણ અસર જોવા મળી રહી છે તો બીજીબાજુ અહી સોસાયટીઓ પણ આવેલ છે અને ગરમી માજ અવરનવર વિજ પ્રવાહ બંધ કરતા નાના બાળકો થી લઈ ને વૃધ્ધો ગરમીમા તોબા તોબા પોકારી ઉઠયા છે તો એવુ તો આ વિસ્તારમા શું છે કે પ્રાંતિજ વિજકંપનીને બે-ત્રણ દિવસે ઓતારા દિવસે મેન્ટેનન્સ ને લઈ ને વિજ પ્રવાહ બંધ કરવો પડેછે ત્યારે હાલતો છાશવારે આ વિસ્તાર મા વિજ પ્રવાહ બંધ કરવામા આવતા વિજકંપની દ્વારા આ વિસ્તાર મા કોઈ એક પક્ષને આડ કતરી રીતે દુશ્મની હોય અને હેરાન કરવામા આવી રહ્યુ હોય તેવી શંકાકુશકાઓ પણ પેદા થઈ છે અને આ વિસ્તાર ના લોકમુખે ચર્ચાઈ રહ્યુ છે ત્યારે પ્રાંતિજ વિજકંપની ને જેની પણ સાથે દુશ્મનાવટ હોય પણ એને લીધે બંધાને છાશવારે હેરાન કરી શુ મળશે ત્યારે પ્રાંતિજ વિજ કંપની આજ વિસ્તારમા એવુ તો કેવુ મેન્ટેનન્સ કરે છે કે બે-ત્રણ દિવસે વિજ પ્રવાહ બંધ કરવો પડે છે અને આજ વિસ્તાર મા દિવસ મા એક બે વાર વીજ પુરવઠો બંધ થાય છે તે પણ એક પ્રશ્ન હાલતો લોકમુખે ચર્ચાઈ રહ્યો છે ત્યારે હાલ તો ઓતરા દિવસે મેન્ટેનન્સ બાદ પણ આ વિસ્તાર મા પવન આવે કે એક વરસાદ નો છાટો પડે તો પણ વિજ પુરવઠો ડુલ થઈ જાય છે ત્યારે પ્રશ્નએ છેકે બે-ત્રણ દિવસના મેન્ટેનન્સ બાદ પણ આ વિસ્તારનો વિજ પુરવઠો ખોરવાઈ જાય છે ત્યારે આ વિસ્તાર ના રહીશોની માંગ છે કે અમે નિયમિત વીજબીલ ભરતા હોવા છતાંય અમારા વિસ્તાર મા જાણી જોઈને હેરાન પરેશાન કરવામા આવે છે તેવા આક્ષેપો પણ ઉઠવા પામ્યા છે .

# ભિલોડા અને મેઘરજ તાલુકામાં રૂા.૮.૩૯ કરોડના ખર્ચે વિવિધ ડામર રસ્તાઓ મંજુર

ભિલોડા,તા.૩
અરવલ્લી જીલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં રૂા.૮.૩૯ કરોડના ખર્ચે વિવિધ ડામર રસ્તાઓ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજુર કરાતા વાહન ચાલકો અને પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.ભિલોડા અને મેઘરજ તાલુકામાં વિવિધ ડામર રસ્તાઓ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ગુજરાત રાજ્ય સરકાર,નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ ધ્વારા ડામર રસ્તાઓ મંજુર કરાતાં પ્રજાજનોમાં ખુશીની લહેર પ્રસરી છે.ગુજરાત રાજ્યસભાના સાંસદ રમીલાબેન બારા,અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન પ્રભારી મંત્રી રમણભાઈ પાટકર,સાંસદ દિપસિંહ રાઠોડ,અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ,ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાંતીભાઈ પટેલ,મેઘરજ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ ભુપતસિંહ ચૌહાણ,મહેશભાઈ ઉપાધ્યાય,ઈશ્વરભાઈ ડામોર સહિત ભાજપના રાજકીય આગેવાનોએ ડામરના પાકા રસ્તાઓ બાબતે રજુઆત કરતા વિવિધ ડામર રસ્તાઓ મંજુર કર્યા છે.

# ૧૪ ગામ વણકર પરગણા સમાજના પ્રમુખની નિમણુંક

ભિલોડા,તા.૩



૧૪ ગામ વણકર પરગણા સમાજના પ્રમુખની નિમણુંક કરાતા આનંદની લાગણી પ્રસરી છે.૧૪ ગામ વણકર પરગણા સમાજના પ્રમુખ તરીકે પ્રદિપભાઈ એલ.પ્રણામી (વાવડી) કારોબારી સભ્યો,સમાજના વડીલ આગેવાનોની સર્વ સંમતીથી પ્રમુખ પદે નિમણુંક કરાઈ છે.૧૪ ગામ વણકર પરગણા સમાજના પ્રમુખએ જણાવ્યું હતું કે સમાજના સર્વાંગી વિકાસ માટે હું હરહંમેશ પ્રયત્નશીલ છું.નિષ્ઠા,પ્રમાણિકતાથી સમાજની સેવા કરીશ તેમ જણાવ્યું હતું.

# જન્મદિને વધામણી



કાવ્યા મહેશભાઈ રાવળ
અમીયાપુર, તા.બાયડ



ઉમંગભાઈ રાવલ
(સંચાલક : જી.આઈ.પી.એસ. સ્કુલ, ડેમાઈ)
મોટા ચિલોડા,
જિ.ગાંધીનગર



ડાૅ.ઘનશ્યામભાઈ શાહ
મોડાસા, જિ.અરવલ્લી



હસમુખભાઈ ધુવાડ
(શ્રીજીચરણ રેસીડેન્સી)
બાયડ, જિ.અરવલ્લી



ગીરીશભાઈ દરજી
(અણિયોર હાઈસ્કુલ)
(સ્વામિનારાયણ સોસાયટી, વિભાગ-૨)
બાયડ (ગાબટ)



અલ્પેશભાઈ ગોસ્વામી
(અર્પણ મેડીકલ)
(મલ્હાર બંગલોઝ)
બાયડ, જિ.અરવલ્લી



દેવ ગોસ્વામી, પત્રકાર
લંગાનો મઠ, તા.તલોદ



રવિન્દ્રકુમાર ગોરધનદાસ ઝાલા
અમરાપુર(વાલાનીમુવાડી),
તા.બાયડ



અશોકભાઈ લવજીભાઈ પટેલ
(કોર્પોરેટર : નગરપાલિકા, બાયડ)
(ઋષિકુંજ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી